



બાળ નરેન્દ્ર આગળ જતાં સ્વામિ વિવેકાનંદ તરીકે વિશ્વ વિખ્યાત બન્યા, હવે આપણા નરેન્દ્રભાઈ વિશ્વ સાથે વાતની શરૂઆત કરે છે...!

# આજે જિલ્લા કક્ષાની ફેન્સીંગ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસીએશન દ્વારા તા.૧ સપ્ટેમ્બરના રોજ જિલ્લા કક્ષાની ૧૪મી ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ (તલવારબાજી) સ્પર્ધાનું આયોજન સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કુલ સે.૨૪માં કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ૧૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેનાર છે. સ્વ. માતુશ્રી શાંતાબા ઠાકોર ચેમ્પીયન્સ ટ્રોફી એનાયત કરવામાં આવનાર છે.

સ્પર્ધાનું ઉદ્‌ઘાટન નહેરુ યુવા કેન્દ્રના કૉ. ઓડિનેટર રજનીભાઈ સુથાર, સુકાળ બિલ્ડર્સના બાબુભાઈ પટેલ, નાગરિક બેંકના ડિરેકટર મનુભાઈ પટેલ, એમેરયોર ફેન્સીગ એસોસીએશન ઓફ ગુજરાતના પ્રમુખ મનીષ સોલંકી તથા અનેક મહાનુભાવો હાજર રહેશે.

ઉફારસદ અગ્રણી પ્રહલાદજી પ્રતાપજી ઠાકોરે તેમના માતુશ્રીના સ્મરણાર્થે શાંતાબા ઠાકોર ચેમ્પીયન ટ્રોફી આપનાર છે.

# આઈઆઈટીઈ ખાતે શિક્ષક દિન સપ્તાહ કાર્યક્રમનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર સેકટર-૧૫ સ્થિત ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશનના ઉપક્રમે આગામી ૫મી સપ્ટેમ્બર 'શિક્ષક દિન'ના અનુસંધાને સપ્તાહભરના કાર્યક્રમનો પ્રારંભ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કમલેશ જોષીપુરાના વડપણ હેઠળ થયો છે. આ પ્રસંગે મહેશચંદ્ર યાજ્ઞિકના હસ્તે કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના પ્રાધ્યાપક ભાઈ-બહેનોએ કુલસચિવ બિપિન ભટ્ટના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કર્યું છે. કાર્યક્રમમાં વકતવ્ય, કવીઝ કોમ્પીટીશન, પંચલાઈન રાઈટીંગ, ડીબેઈટ, ચલચિત્રોનું નિર્દેશન, સુહ જુથ ચર્ચા, નિબંધ, નાટય સ્પર્ધા, ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કાર્યકારી કુલપતિ વરાજભાઈ મૈયાણી, સરદાર પટેલ યુનિવર્સિટીના ડૉ. કાંતિભાઈ લીખીયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શિક્ષણ ભવનના અધ્યક્ષ ભરત રામાનુજ ઉપસ્થિત રહ્યા હતાં.

# માનસિક વિશિષ્ટ બાળકો માટે રમકડાં આપવા જાહેર અપીલ

ગાંધીનગર, તા. ૩૧

માનસિક વિશિષ્ટ બાળકોની તાલીમના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા સંવેદન દ્વારા માનસિક વિશિષ્ટ બાળકો માટે રમકડાં આપવા જાહેર અપીલ કરવામાં આવી છે.

સંવેદનના સંચાલક જિજ્ઞેશ રાવલે આ અપીલ કરતાં જણાવ્યું છે કે ઘરમાં પડી રહેલા બિનઉપયોગી રમકડાં વિશિષ્ટ બાળકો માટે મોકલી શકાય છે. આ રમકડાં આપવા માટે શહેરમાં ત્રણ કેન્દ્રો પણ નિયત કરવામાં આવ્યાં છે.

અગર કોઈ નાગરિક જો ફોન કરશે તો રમકડાં એમના ઘરેથી લઈ જવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે. આ રમકડાં (૧) સંવેદન સ્પેશિયલ સ્કૂલ, પ્લોટ નં. ૮૭૮/૧, સૅક્ટર-૬ સી; (૨) જુનિયર સિટીઝન કાઉન્સીલ, સિવિલ હૉસ્પિટલ કંપાઉન્ડ, સૅક્ટર-૧૨; અથવા (૩) બ્લ્યૂ બાબલ્સ ઍકેડેમી, પ્લૉટ નં. ૩૮૬, સૅક્ટર-૧૬ ખાતે પહોંચાડી શકાશે. જો રમકડાં વધુ સંખ્યામાં એકત્ર થશે તો સંવેદન ઉપરાંત અન્ય વિશિષ્ટ સ્કૂલ્સ ખાતે પણ મોકલવામાં આવશે.

આ અંગેની વધુ માહિતી માટે મો. નં. ૯૮૯૮૭ ૮૭૫૨૦ ઉપર સંપર્ક કરવા તેમણે જણાવ્યું છે.

# ગાંધીનગર જિલ્લામાં કારકિર્દી આયોજન સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર શુક્રવાર

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા રોજગાર કચેરી અને જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા ૨૦ થી ૨૫ મી ઓગષ્ટ- ૨૦૧૨ સુધી કારકિર્દી આયોજન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહનો -ારંભ તા. ૨૦મી ઓગષ્ટ-૨૦૧૨ના રોજ આરાધના વિદ્યાવિહાર, સેકટર-૨૮, ગાંધીનગર ખાતેથી થયો હતો. તા. ૨૫ મી ઓગષ્ટ-૨૦૧૨ના રોજ કેરીયર કોર્નર શિક્ષકશ્રીઓ માટે એક દિવસીય કારકિર્દી માર્ગદર્શન સેમિનાર તથા કારકિર્દી આયોજન સપ્તાહનો સમાપન સમારંભ આધારશિલા હાઈસ્કુલ, વલાદ ખાતે યોજાયો હતો. કારકિર્દી આયોજન સપ્તાહના સમાપન સમારંભ -સંગે જિલ્લા કક્ષાની તમામ શાળઓમાં નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિબંધ સ્પર્ધામાં માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે પર્યાવરણ જાગૃતિ અને સંરક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે લોકતંત્રનો ચોથા પાયો' મીડિયા વિષય રાખવામાં આવ્યો હતો. વકતૃત્વ સ્પર્ધામાં માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે રોજગારી ક્ષેત્રે કોમ્પ્યુટર જ્ઞાનનુ મહત્વ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે વિવેકાનંદ અને યુવા શક્તિ વિષય રાખવામાં આવ્યો હતો. વકતૃત્વ સ્પર્ધાના માધ્યમિક વિભાગમાં -થમ ક્રમે કલોલની શાંતિનિકેતન હાઈસ્કુલના હરિસિંહ -વિણસિંહ, દ્રિતીય ક્રમે માણસા તાલુકાની જામળા હાઈસ્કુલના મયંક ડી. પટેલ અને તૃતીય ક્રમે જે. એમ.ચૌધરી સ્કુલ, સેકટર- ૭ના -ાયોશાબેન જે. વાઘેલા વિજેતા થયા હતાં. ઉચ્ચતર માધ્યમિક વિભાગની વકતૃત્વ સ્પર્ધામાં -થમ નંબરે જે. એમ.ચૌધરી સ્કુલ, સેકટર- ૭ની પૂર્વી બારોટ, દ્રિતીય નંબરે શેઠ.મ.ભ.માધ્યમિક શાળા, પેથાપુરના સિમરણ મેમણ, તૃતીય નંબરે કલોલની વખારીયા હાઈસ્કુલની -ાગી પંડયા વિજેતા રહયાં હતાં. નિબંધ સ્પર્ધામાં માધ્યમિક વિભાગમાં -થમ ક્રમે કલોલની શાંતિનિકેતન હાઈસ્કુલની બિજલ.ડી. -જાપતિ, દ્રિતીય ક્રમે કલોલની હીરામાણેક રાજપુરવાળા સ્કુલની હની.એમ. ગજ્જર અને તૃતિય ક્રમે જામળાની વાસુદેવ વિદ્યાલયની વિજલ કે. બારોટ વિજેતા રહયાં હતા. ઉચ્ચતર માધ્યમિક વિભાગની નિબંધ સ્પર્ધામાં -થમ નંબરે કલોલની શાંતિનિકેતન હાઈસ્કુલના મિલન એન. આનંદ, દ્રિતીય નંબરે ગાંધીનગર તાલુકાના વાવોલ ગામની એસ.બી.પટેલ સર્વાજિનક વિદ્યાલયની તેજસ્વિની એલ. ખૈરનાર અને તૃતિય નંબરે કલોલની કેરેવાન હાઈસ્કુલની પરિતા બી. ચૌહાણ વિજેતા રહયાં હતાં. આ તમામ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે બ્રાસ ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. વર્ષ-૨૦૧૨-૧૩ માં કેરિયર કોર્નરની સારી કામગીરી કરનાર શિક્ષક શ્રી કમલેશભાઈ પરમારને બ્રાસ ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. આ -સંગે -ાદેશિક (રોજગાર), અમદાવાદના નાયબ માહિતી નિયામક શ્રી બી.વી.મોડિયા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના શ્રી ડી.આઈ.પઢિયાર, વ્યવસાય માર્ગદર્શન સંસ્થા, અમદાવાદના શ્રીમતી સુધાબેન ડોડા, ગેઝિયા, સેકટર-૨૫ના શ્રી એચ.એમ.પટેલ, રોજગાર અધિકારી શ્રી એસ.ઓ. અમીન, ડિઝાયર ઈન્ફોટેક, ગાંધીનગરના શ્રી રેહાના દિવાન અને ઋષિ આહલુવાલિયા ઉપસ્થિત રહયાં હતાં.

# માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં યોગ માર્ગદર્શન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

પરમ પૂજ્યશ્રીશ્રી રવિશંકર પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થા તથા માઉન્ટ કાર્મેલ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે તા. ૨ સપ્ટેમ્બર-૨૧૨ના રોજ વિશ્વ યોગ દિન નિમિત્તે યોગ માર્ગદર્શન શિબિર યોજાશે.

આર્ટ ઓફ લીવીંગ, ગાંધીનગરના પ્રશિક્ષક સુરેશ પરમારે જણાવ્યું છે કે, માઉન્ટ કાર્મેલ શાળાના મેદાનમાં તા. ૨ સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ સવારે ૬.૩૦ કલાકે યોગ વિષયક જાણકારી તથા સરળ યોગાસનો આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના યોગ શિક્ષક મીનાબેન પરમાર દ્વારા કરાવવામાં આવશે.

આ કાર્યક્રમમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલના સર્વે વિદ્યાર્થીઓને તેઓના વાલીઓ સાથે હાજર રહેવા માઉન્ટ કાર્મેલ સ્કૂલના આચાર્યા સિસ્ટર રેનુકાબેન દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ચૌધરી મહિલા કૉલેજમાં ગુજરાતી વિભાગ દ્વારા તજ્જ્ઞ વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૩૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના ગુજરાતી વિભાગ દ્વારા તજજ્ઞોના વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત 'જોડણી અને ભાષાશુદ્ધિ' વિષય પર વિદ્યાર્થિનીઓને વિશેષ જાણકારી પ્રાપ્ત થાય અને માતૃભાષા પરત્વે જાગૃત થાય તે હેતુએ ઉપરોક્ત વિષય પર શ્રી અજીતભાઈ મકવાણા (પત્રકાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)નું વ્યાખ્યાન યોજાઈ ગયું. આ વ્યાખ્યાન અંગે માર્ગદર્શન અને પ્રોત્સાહન પ્રિ. ડૉ. ઉમાબેન ચૌધરીએ આપેલ હતુ. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. લીના સ્વાદિયાએ કરેલ હતું. ગુજરાતી વિભાગની ૩૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

# ચૌધરી મહિલા કોલેજ ખાતે એનએસએસના સ્વયંસેવકો માટે ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૩૧

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે તાજેતરમાં એન.એસ.એસ.ના સ્વયંસેવકો માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૨-૧૩માં એન.એસ.એસ.માં જોડાયેલા સ્વયંસેવક વિદ્યાર્થીનીઓ અને ગયા વર્ષની સ્વયંસેવક વિદ્યાર્થીનીઓ આ કાર્યક્રમમાં હાજર રહી હતી. શ્રી દિપકભાઈ તેરૈયાએ તજજ્ઞ તરીકે તેમનું મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. તેઓએ તેમના વ્યાખ્યાનમાં એન.એસ.એસ.ના સ્વયંસેવકોની ફરજો, જવાબદારીઓ, એન.એસ.એસ.ના સ્વયંસેવકોની ફરજો, જવાબદારીઓ, એન.એસ.એસ.ના ઉદ્દેશો, સ્વયંસેવકની કાર્યપદ્ધતિ તેમજ જીવન જીવવાની કળા અંગે ટૂંકી વાર્તાઓ દ્વારા સમજ પૂરી પાડી હતી. આમ, આ વ્યાખ્યાન સરળ જીવનની દિશાધારા સમાન ગણાવી શકાય. આ કાર્યક્રમમાં ટ્રસ્ટી શ્રી સેંધાભાઈ ચૌધરી, આચાર્યશ્રી ઊર્મિલાબેન ચૌધરી તથા અન્ય પ્રાધ્યાપકો પણ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમનું સમગ્ર સંચાલન એસ.વાય.બી.એ.ની સ્વયંસેવક ચૌધરી વૃશાલીએ કર્યું હતું અને કાર્યક્રમનું સમાપન પ્રોગ્રામ ઓફિસર પ્રો. શ્રી નરેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.



સિટી પલ્સ ફિલ્મ ઍન્ડ ટૅલીવિઝન ઈન્સ્ટીટ્યુટ દ્વારા સિટી પલ્સ થિયેટર ખાતે ચાર દિવસીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફૅસ્ટીવલનો પ્રારંભ થયો છે. ગુરુવારે સાંજે આ ફેસ્ટીવલના ઉદ્‌ઘાટન સમારોહમાં ફિલ્મ અભિનેતા મનોજ બાજપાઈ, ઈલા અરૂણ, નિર્દેશક ગોવિંદ નિહલાની, શ્યામ બૅનેગલ અને અપર્ણા સેન ઉપસ્થિત રહ્યા હતા.

# ગોઝારિયા આદર્શ પ્રાથમિક શાળાની બાળાઓએ વૃક્ષોને રાખડી બાંધી

ગાંધીનગર, તા.૩૧

મહેસાણા તાલુકાના ગોઝારિયા ગામે આવેલી ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યા શાળાની ધોરણ-૩ની વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં વૃક્ષોની રક્ષા કાજે રાખડી બાંધી વૃક્ષ પ્રિતીના દર્શન કરાવ્યા હતા.


શાળાના આચાર્ય અનો શિક્ષકોના સહયોગથી તાજેતરમાં ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યા શાળાની ધોરણ-૩ની વિદ્યાર્થીનીઓએ શાળાના કેમ્પસમાં આવેલી તમામ વનસ્પતિને રાખડી બાંધી હતી. વનસ્પતિનું મહત્વ સમજી તેની રક્ષા કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. વનસ્પતિનું રક્ષણ કરવાની તથા તેના વિકાસ માટે પ્રયત્ન કરવાની જવાબદારી ઉઠાવવા બદલ શાળાના આચાર્યબેન તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

### જનરલ પ્રેકટિશનર કે જનરલ પર્સન ?

# જીવનને સમૃદ્ધ નહીં પણ સફળ બનાવવાનો રાહ ચીંધતા ડૉ. પ્રવીણ બોઘાણી

**આગવો માણસ - આપણો માણસ**

- કિશોર જીકાદરા



ઈન્ડિયન એરફોર્સના સાઉથવેસ્ટ એરકમાન્ડના કેપ્ટન બેનરજીની ગાંધીનગરથી બેંગલોર બદલી થઈ. ઘરનો મોટાભાગનો સામાન પેક થઈ ગયો. સૌથી છેલ્લે રસોડાનો સામાન પેક કરવાનો હતો. મિસિસ બેનરજી રસોડું આટોપીને પતિ મહાશયની મદદથી ફ્રીઝ ખાલી કરવા બેઠાં. ફ્રીઝનું ડોર ખોલતાં વેંત બેનરજી દંપતીના મોંમાથી એક સાથે આશ્ચર્યના ઉદ્‌ગાર નીકળી પડ્યા, 'ઓ માય ગૉડ! ઈસકા કયા કરેંગેં?' ફ્રીઝ અનેક ખાદ્ય સામગ્રીથી ઠાંસોઠાંસ ભરેલું હતું. કોર્નફ્લેકસ, ફ્રુટજામ, સીરીયલ ફૂડ, મિલ્ક પાવડર, ચીઝ, બટર, પનીર અને એવું બીજું ઘણું બધુ ! આમાંની મોટાભાગની વસ્તુઓ બેંગલોર સુધી પહોંચતા સુધીમાં તો બગડી જાય તેવી હતી. એને પેક કરવાનો કોઈ અર્થ નહોતો. ખાવાની વસ્તુઓ છે, કોઈના મોં સુધી પહોંચી શકે તો સારું પણ આ વ્યવસ્થા માટે કહેવું કોને ? મિ. બેનરજીની ચિંતા વાજબી હતી. દાનના મહિમા જેટલી જ દ્વિધા લાભાર્થીની પાત્રતા વિશે રહેલી હોય છે! ચિંચિચ વદને મિ. બેનરજીએ ફોન જોડ્યો. સામે છેડેથી સંભળાયેલા પ્રતિભાવ બાદ મિ. બેનરજીના ચહેરાની હળવી થયેલી રેખાઓ કહેતી હતી કે ફોન યોગ્ય જગ્યાએ જ થયો છે!

ફોન ખરેખર યોગ્ય જગ્યાએ જ થયો હતો અને એ યોગ્ય માણસ હતા. ડૉ. પ્રવીણ બોઘાણી. ડિસેમ્બર ૧૯૭૩માં એક સામાજિક કામ અર્થે ડૉ. બોઘાણી ગાંધીનગર આવ્યા હતા. મુંબઈની જેમ ગાંધીનગર પણ મોહમયી નગરી તો ખરી! ગાંધીનગરનું શાંત અને પ્રાકૃતિક વાતાવરણ ડૉ. બોઘાણીની ચિત્તવૃત્તિને અનુકૂળ આવી ગયું. તે સમયે ગાંધીનગરમાં અગિયાર ડૉકટરો ઑલરેડી પ્રેકટિસ કરતા હતા. ડૉ. પ્રવીણભાઈ બોઘાણી ગાંધીનગરના બારમા ડૉકટર. લખનૌથી બી.એ.એમ.એસ. કરેલું. મિશ્ર કોર્સ ભણેલા. એલોપેથી સારી કરી જાણે. બહુ થોડા વખતમાં એસ સમયની ધીખતી પ્રેકટિસ આજે લગભગ બંધ જેવી છે તે છતાં ડૉ.ને તેનો આનંદ છે. આનું કારણ જાણવા જેવું છે. હવે તેઓ ગાંધીનગર શહેરની સમર્પણ ટ્રસ્ટ સંચાલિત સેકટર-૨૮ની મૂક-બધિર શાળા, સર્વિસ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ સંચાલિત સેકટર-૧૬ની અંધશાળઆ, મહુડી રોડ પર આવેલું કૈલાસધામ વૃદ્ધાશ્રમ, જૂના નવા સચિવાલયના ત્રણેય ઘોડિયાંઘર, સેકટર-૧૯ના સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમ તથા બીજા કેટલાક યુનિટોમાં મફત સારવાર અને મફત દવાઓ આપવાનું કામ કરી રહ્યા છે! તેઓ કહે છે કે,' બિમાર માણસની ચિંતામાં હું સૂઈ શકતો નથી અને સમાજની બિમારી મને સુખથી સૂવા દેતી નથી!'

ડૉ. બોઘાણી દિલના ઋજુ છે અને સ્વભાવે પરગજુ છે. જનરલ પ્રેકટિશનર તરીકે ડૉ. બાઘાણી શહેરના અન્ય ડૉકટરોની જેમ નોટો છાપી શકતા હતા પણ આ માણસને પૈસો ભેગો કરવા કરતાં પ્રેમ ભેગો કરવામાં વધારે રસ હતો. જીવનની દિશા નક્કી કરવાના સમયે માતા-પિતાએ તેમના આ પુત્ર પાસેથી વચન માંગી લીધું હતું કે તને ઈશ્વરે ઘણું આપ્યું છે. (ડૉ. બોઘાણી સુખી પરિવારમાંથી આવે છે.) તારું ધ્યેય કેવળ અર્થઉપાર્જનનું નહીં પણ જીવનમૂલ્યોના સંવર્ધનનું છે એ કદી ભૂલતો નહીં. ડૉ. બોઘાણીની યાદદાસ્ત તેજ છે. તેઓ ભૂતકાળની એક પણ વાત ભૂલ્યા નથી. માતાપિતાને આપેલા વચન પ્રમાણે તેઓ પોતાના જીવનમૂલ્યોનું બખૂબી સંવર્ધન કરી રહ્યા છે! ગાંધીનગરમાં તેઓ જનરલ પ્રેકટિશનર કરતાં જનરસ પર્સન તરીકે વધુ સારી રીતે ઓળખાય છે! તેમણે તબીબી વ્યવસાય સાથે સમાજસેવાને એવી કલાત્મક રીતે સાંકળી લીધી છે કે જાણે એક પંથ અને દો કજ! ગાંધીનગરનું સદ્‌ભાગ્ય છે કે આ શહેરને શ્રી જી.એન. ખારોડ જેવા સેવાભાવી સંત સાંપડ્યા છે. આ સંતના સંસર્ગમાં આવેલા અનેક સેવાપુષ્પો થકી આ શહેરની સુવાસ દૂરસુદૂર મઘમઘી રહી છે. તેમની પ્રેરણા અને નિલેન્દુ વોરા તથા સ્વર્ગસ્થ કમલેશભાઈ જાનીના કાર્યોથી પ્રભાવિત થઈને ડૉ.બોઘાણીએ સને ૧૯૮૮ થી સમાજ સેવાના શ્રીગણેશ કર્યા. સમર્પણ મૂકબધિર શાળામાં તેઓએ ચાર પાંચ દિવસે એકવાર જવાનું શરૂ કર્યું. સરકાર તરફથી માનદ્ ચિકિત્સક તરીકેનો હુકમ મળવાથી ડૉ. બોઘાણીનું કામ વધુ આસન થયું. છેલ્લા ચોવીસ વર્ષથી તેઓ બહેરાં-મૂંગા બાળકોની નિયમિત તબીબી તપાસણી કરે છે. માંદા બાળકોને દવાદારૂ અને ટોનિક ઉપરાંત સંસ્થાના સ્ટાફ અને તેના પરિવારના સ્વાસ્થ્યની પણ સંભાળ રાખે છે. આ ટ્રસ્ટ સંચાલિત મુકબધિર શાળઆનું બીજું એકમ મોટેરા ખાતે છે.

ડૉ. બોઘાણીની સેવાઓ આ યુનિટને પણ નિયમિત મળતી રહી છે. શરૂઆતમાં તેઓ જરૂરી દવાઓ પોતાની સાથે લઈ જતા. હવે સંસ્થામાં તેઓ દવાઓ રાખવાની વ્યવસ્થા ગોઠવી છે. તાવ, શરદી, ખાંસી, એસીડીટી, અપાચન, ઝાડા, ઉલ્ટી જેવા રોગોની દવાઓ યોગ્ય સૂચનાના સ્ટીકર સાથે અલગ અલગ ડબ્બાઓમાં રાથી છે. આ દવાઓનો તેઓ કોઈ ચાર્જ કરતા નથી કે સંસ્થામાં આ દવાઓ અંગેનું કોઈ બીલ મૂકતા નથી. દવા અને સલાહ, બધું જ નિઃશુલ્ક! મોટાભાગની દવાઓ ડૉકટર મિત્રો પાસેથી મળી રહે છે. કયારેક ફીઝીશ્યન્સ સેમ્પલો મેળવે છે તો કયારેક દાનની રકમમાંથી અત્યંત વાજબી અને જથ્થાબંધના ભાવે દવાની એજન્સીઓ પાસેથી ખરીદી કરે છે.

ડૉ. બોઘાણીના સાળી ડૉકટર છે તેમની હૉસ્પિટલમાંથી પણ તેમને દવાઓ મળ્યા કરે છે. આ ઉપરાંત પોતાના બહોળા અને સેવાભાવી પરિવારના સભ્યો પાસેથી દાન મેળવે છે. મૂકબધિર શાળાના છાત્રોની તબીબી સારસંભાળ સાથે કવચિત ભિન્ન પ્રકારની સેવાનો આનંદ પણ લઈ લે છે. કોઈ પોતાના જન્મદિને કે સગાવહાલાની પુણ્યતિથિએ મૂક-બધિર શાળાના બાળકોને નાસ્તો કરાવવા ઈચ્છે તો નાસ્તાના પેકેટો ડૉ. બોઘાણી જાતે મેળવીને શાળામાં યોગ્ય રીતે વિતરણ કરી આપે છે. કોઈ સ્થળે પ્રસંગોપાત વધી પડેલા નાસ્તાના પેકેટ પણ તેઓ આજ પ્રમાણે જાતે ઉંચકી લાવીને બાળકોને વહેંચી આપે છે. તઓનું માનવું છે કે બહેરા અને મૂંગા બાળકો વચ્ચે રહેવાની મજા જ કંઈ ઔર છે !

સેકટર-૧૬માં અંધ બાળકોની એક શાળા ચાલે છે. ૨૦૦૩થી ડૉ.બોઘાણીએ આ શાળાના અંધ બાળકોની મફત શારીરિક તપાસણીની અને નિઃશુલ્ક દવા આપવાની સેવા શરૂ કરી. આ ઉપરાંત સમપર્ણ ટ્રસ્ટ સંચાલિત ચાર ઘોડિયાઘરોમાં તદ્દ નાના શિશુઓની સારવાર તથા આ બાળકોની માતાઓ માટે કાઉન્સેલીંગની પ્રવૃત્તિ ચાલુ કરી. કયારેક અમુક કિસ્સામાં દર્દીઓએ લાંબા સમય સુધી દવાઓની જરૂર પડે તેવા કિસ્સામાં ધીરજ પૂર્વક બને તેટલી વધારે દવાની સહાય તેઓ કરતા રહ્યા છે.

સંસ્થાના ઓડિટ વખતે ઓડિટરો ડૉ. બોઘાણીના આ સેવાકાર્યથી પ્રભાવિત થઈ કયારેક આશ્ચર્ય વ્યકત કરતા અને ડૉ. બોઘાણી પૂછતા તમે આ બધું કેવી રીતે મેનેજ કરી શકો છો? ડૉ. બોઘાણી મિતભાષી છે. પ્રસિધ્ધિના મોહથી પર રહીને તેઓ અત્યંત મૃદુતાથી ઉત્તમ વાળતા કે અમારા પરિવારનું કેટલુંક ફંડ તથા યારદોસ્તોના સાથ સહકારથી આ શક્ય બને છે. આ કામ તેઓ તદ્દન નિસ્વાર્થભાવે અને કોઈપણ જાતની અપેક્ષા વિના કરી રહ્યા છે. તબીબી સેવા ઉપરાંત ક્યારેક ડૉ. બોઘાણી બાળકોની ફી, યુનિફોર્મ, નોટ અને ચોપડા, પાઠ્યપુસ્તક અને નાસ્તા કે વૃદ્ધાશ્રમની બહેનોને સાડી-બ્લાઉઢ વગેરે આપીને અનોખો સંતોષ મેળવી લે છે.

વૃદ્ધાશ્રમો આપણા શિષ્ટ સમાજની બિમારી છે. ગાંધીનગરથી મહુડી જવાના રસ્તે એક વૃદ્ધાશ્રમ છે. કૈલાસધામ નામે ઓળખાતના આ વૃદ્ધાશ્રમની મુલાકાતે એકવાર ડૉ. બોઘાણી ગયા. નિરાધાર, નિઃસહાય, તિરસ્કૃત. ઉપેક્ષિત, અશક્ત અને એકાકી વૃદ્ધોને જોઈને તેમનું કોમળ હૃદય દ્રવી ઊઠ્યું. ડૉ. બોઘાણીએ મનોમન સંકલ્પ કર્યો, આજથી આ વૃદ્ધોનઓ ડૉકટર હું! વૃદ્ધાશ્રમના સંચાલક ડૉ. બોઘાણીનો આ સદીભાવ જોઈને અત્યંત પ્રસન્ન થયા. તેમને આ માણસ ડૉકટર કરતાં ઈશ્વરનો દૂત વધારે લાગ્યો ! ૧૯૯૬થી ડૉ. બોઘાણીએ કૈલાસધામ જવાની શરૂઆત કરી ત્યારે આ વૃદ્ધાશ્રમમાં છ વૃદ્ધો આશ્રય લઈ રહ્યા હતા. દુખની વાત છે કે છેલ્લા સોળ વર્ષમાં આ વૃદ્ધાશ્રમના વૃદ્ધોની સંખ્યા વધીને ૯૦ ઉપર પહોંચી છે! શરૂ શરૂમાં તેઓ અઠવાડિયે એકવાર જતા અને બિમાર વૃદ્ધોને આઠ દિવસની દવાઓ આપી આવતા. ૨૦૦૪થી ડૉ. બોઘાણીની સેવાપ્રવૃત્તિએ અદ્‌ભુત વેગ પકડ્યો છે. ડૉ. બોઘાણી માને છે કે ૨૦૦૪ પછઈની જીંદગી તેમને આ વૃદ્ધોના આર્શીવાદથી જ મળી છે.

બન્યું એવું કે એ અરસામાં તેઓ તેમની દીકરી જમાઈ સાથે યુ.કે. (લંડન) ફરવા ગયા. પૂરપાર દોડતી કાર ડ્રાઈવીંગની ગફલતથી રસ્તાની બાજુની ખીણમાં બે હજાર ફુટ નીચે ગબડી જાય તેની ગોઝારી પળે જ એક ચમત્કાર થયો.

• અનુસંધાન છઠ્ઠા પાને